# વિશ્વંભરી જનેતા

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા.
વિદ્યાધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુદ્ધિને દુર કરી સદ્‌બુદ્ધિ આપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૧ ॥

ભૂલો પડી ભવરણે ભટકું ભવાની !
સૂઝે નહિ લગીર કોઇ દિશા જવાની ;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૨ ॥

આ રંકને ઊગરવા નથી કોઇ આરો.
જન્માંધ છું જનની હું ગ્રહી હાથ તારો;
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૩ ॥

મા. કર્મ જન્મ કથની કરતાં વિચારું.
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઇ મારું ;
કોને કહું કઠણ કાળ તણો બળાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૪ ॥

હું કામ ક્રોધ મધ મોહ થકી ભરેલો.
આડંબરે અતિ ઘણો મદથી છકેલો;
દોષો બધા દૂર કરી. કરી માફ પાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૫ ॥

ના શાસ્ત્રના શ્રવણનું પયઃપાન પીધું.
ના મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઇ કીધું ;
શ્રદ્ધા ધરી નથી કર્યાં તવ નામ જાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૬ ॥

રે. રે ભવાની ! બહુ ભૂલ થઇ જ મારી.
આ જિંદગી થઇ મને અતિશે અકારી ;
દોષો પ્રજાળિ સઘળા તવ છાપ છાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૭ ॥

ખાલી ન કોઇ સ્થળ છે વિણ આપ ધારો.
ભ્રહ્મમાંડમાં અણુ અણુ મહીં વાસ તારો;
શક્તિ ન માપ ગણવા અગણિત માપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૮ ॥

પાપો પ્રપંચ કરવા બધી રીતે પૂરો.
ખોટો ખરો ભગવતી પણ હું તમારો;
જાડયાંધકાર કરી દૂર સુબુદ્ધિ સ્થાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૯ ॥

શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે.
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિતે;
બુદ્ધિ વિશેષ જગદંબ તણા પ્રતાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૧૦ ॥

શ્રી સદ્ગુરુ શરણમાં રહીને યજું છું.
રાત્રિ દિને ભગવતી તુજને ભજું છું ;
સદ્ભક્ત સેવક તણા પરિતાપ ચાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૧૧ ॥

અંતર વિષે અધિક ઊર્મિ થતાં ભવાની.
ગાઉ સ્તુતિ તવ બળે નમીને મૃડાની;
સંસારના સકળ રોગ સમૂળ કાપો.
મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો . ॥ ૧૨ ॥

***********